Bharat Aadhaar Seeding Enabler (BASE) - વપરાશકર્તા માર્ગદર્શિકા

## ૧. BASE પ્લેટફોર્મ શું છે?

BASE એ એક ઓનલાઇન સુવિધા છે જેના દ્વારા તમે તમારા આધાર કાર્ડને બેંક ખાતા સાથે લિંક કરી શકો છો, લિંક કરેલા ખાતાને બદલી શકો છો અથવા તમારા આધાર લિંકિંગનું સ્ટેટસ ચકાસી શકો છો.

## ૨. પ્લેટફોર્મ પર કેવી રીતે પહોંચવું?

- NPCI ની મુખ્ય વેબસાઇટ (https://npci.org.in) પર જઈને **'Customer'** ટેબમાં **'Bharat Aadhaar Seeding Enabler (BASE)'** પર ક્લિક કરો.

## ૩. ઉપલબ્ધ મુખ્ય સેવાઓ

આ પોર્ટલ પર તમને નીચે મુજબના 4 મુખ્ય વિકલ્પો જોવા મળશે:

1. **Aadhaar Seeding/Dseeding:** નવું આધાર લિંક/ અનલિંક કરવા માટે.
2. **Account Details:** ખાતાની વિગતો
3. **Aadhaar Mapped Status:** તમારો આધાર હાલમાં કઈ બેંક સાથે લિંક છે તે જોવા માટે.
4. **Aadhaar Mapping History:** અગાઉ કઈ કઈ બેંકોમાં આધાર લિંક હતું તેનો ઇતિહાસ જાણવા માટે.
5. **Request Status Check:** તમે કરેલી વિનંતીની સ્થિતિ જાણવા માટે.



## ૪. સ્ટેપ-બાય-સ્ટેપ પ્રક્રિયા

*A. **આધાર લિંક** (Seeding/Deseeding) **કરવા માટે**:*

1. હોમપેજ પર **'Request for Aadhaar Seeding'** વિકલ્પ પસંદ કરો.
2. તમારો ૧૨ આંકડાનો આધાર નંબર દાખલ કરો.
3. તમારી બેંકનું નામ પસંદ કરો જેમાં તમે આધાર લિંક કરવા માંગો છો.
4. તમારો બેંક એકાઉન્ટ નંબર દાખલ કરો અને ફરીથી કન્ફર્મ કરો.
5. નીચે આપેલા વિકલ્પોમાંથી પસંદ કરો:
    - **Fresh Seeding:** જો પહેલી વાર લિંક કરી રહ્યા હોવ.
    - **Change Bank:** જો બીજી બેંકમાંથી આ બેંકમાં લિંક ટ્રાન્સફર કરવું હોય.
6. કેપ્ચા (Captcha) કોડ દાખલ કરો અને **'Proceed'** પર ક્લિક કરો.
7. તમારા આધાર સાથે લિંક થયેલા મોબાઈલ નંબર પર એક **OTP** આવશે, તે દાખલ કરી સબમિટ કરો.




- **સીડીંગ (Seeding):** તમારા આધાર કાર્ડને બેંક ખાતા સાથે લિંક કરવા માટે આ વિકલ્પ પસંદ કરો.

- **ડીસીડીંગ (Deseeding):** જો તમે તમારા બેંક ખાતામાંથી આધાર લિંક હટાવવા માંગતા હોવ, તો આ વિકલ્પનો ઉપયોગ કરો.

### B. Account Details (ખાતાની વિગતો)

આ મેનુમાં તમારો આધાર નંબર કઈ બેંક સાથે લિંક્ડ છે તે જાણી શકો છો.

1. તમારો 12 અંકનો આધાર  નંબર દાખલ કરો.

2. તમારા આધાર નંબર સાથે લિંક્ડ મોબાઇલ નંબર પાર OTP આવે તે દાખલ કરો.

પોપઅપ મેસેજમાં બેંક નું નામ આવશે તે બેંક સાથે તમારો આધાર નંબર લિંક્ડ હશે.



*C. **આધાર મેપિંગ સ્ટેટસ** (Status) **ચેક કરવા માટે**:*

***આધાર મેપિંગ સ્ટેટસ જાણવા માટે** (Get Aadhaar Mapped Status)*

**આ સુવિધાનો ઉપયોગ એ જાણવા માટે થાય છે કે તમારો આધાર નંબર હાલમાં કઈ બેંક સાથે લિંક થયેલો છે. આનાથી ખાતરી થાય છે કે તમારી સરકારી સહાય** (DBT) **કયા ખાતામાં જમા થશે.**

1. **વિકલ્પ પસંદ કરો: હોમપેજ પર જઈને 'Get Aadhaar Mapped Status' બટન પર ક્લિક કરો.**
2. **આધાર વિગત: તમારો ૧૨ આંકડાનો આધાર નંબર દાખલ કરો.**
3. **સુરક્ષા કોડ: સ્ક્રીન પર દેખાતો કૅપ્ચા** (Captcha) **કોડ ધ્યાનથી ભરો.**
4. **OTP વેરિફિકેશન: તમારા આધાર સાથે લિંક થયેલા મોબાઈલ નંબર પર એક** OTP **આવશે, તેને દાખલ કરીને સબમિટ કરો.**
5. **પરિણામ: હવે તમારી સ્ક્રીન પર નીચે મુજબની વિગતો દેખાશે:**
    - **Bank Name: જે બેંકમાં તમારો આધાર લિંક છે તેનું નામ.**
    - **Mapping Status: અહીં** 'Active' **લખેલું હોવું જોઈએ (જેનો અર્થ છે કે લિંકિંગ ચાલુ છે).**
    - **Last Updated Date: કઈ તારીખે છેલ્લે ફેરફાર થયો હતો તેની માહિતી.**



### D. *આધાર મેપિંગનો ઇતિહાસ જોવા માટે (Get Aadhaar Mapping History)*

આ સુવિધા તમને એ જાણવામાં મદદ કરે છે કે ભૂતકાળમાં તમારો આધાર નંબર કઈ-કઈ બેંકો સાથે લિંક કરવામાં આવ્યો હતો. આ એક પ્રકારની 'સ્ટેટમેન્ટ' જેવું છે જે તમારા લિંકિંગનો સંપૂર્ણ ઇતિહાસ બતાવે છે.

1. **વિકલ્પ પસંદ કરો:** હોમપેજ પરથી **'Get Aadhaar Mapping History'** વિકલ્પ પર ક્લિક કરો.
2. **માહિતી દાખલ કરો:** તમારો આધાર નંબર અને કેપ્ચા કોડ દાખલ કરો.
3. **OTP વેરિફિકેશન:** તમારા મોબાઈલ પર મળેલ OTP દાખલ કરી પ્રોસેસ આગળ વધારો.
4. **ઇતિહાસની યાદી:** હવે તમારી સામે એક લિસ્ટ ખુલશે જેમાં તમે અત્યાર સુધી જેટલી પણ બેંકોમાં આધાર લિંક કરાવ્યું હશે તેની વિગતો હશે:
    - તમે ક્યારે નવી બેંક બદલી તેની તારીખ.
    - કઈ બેંકમાં અગાઉ લિંકિંગ હતું અને અત્યારે કઈ બેંકમાં છે.
    - આ ઇતિહાસ દ્વારા તમે જાણી શકો છો કે તમારા ખાતામાં કોઈ અજાણ્યો ફેરફાર તો નથી થયો ને.



### E. *સ્ટેટસ કેવી રીતે ચેક કરવું તેની માર્ગદર્શિકા (Request Status Check)*

- પેજ પર તમને **'Reference Number'** અથવા **'Transaction ID'** લખેલું એક ખાનું (Box) જોવા મળશે.
- જ્યારે તમે આધાર લિંક કરવાની વિનંતી કરી હતી, ત્યારે જે નંબર તમને મળ્યો હતો તે અહીં ચોકસાઈપૂર્વક લખો.
- તમારી સ્ક્રીન પર દેખાતા આડા-અવળા અક્ષરો અથવા આંકડા (Captcha) ને નીચેના ખાનામાં જે તે રીતે ટાઈપ કરો.
- જો અક્ષરો સમજાય તેમ ન હોય, તો રિફ્રેશ બટન દબાવીને નવો કોડ મેળવી શકો છો.
- વિગતો ભરાઈ ગયા પછી **'Proceed'** અથવા **'Submit'** બટન પર ક્લિક કરો.

સબમિટ કર્યા પછી તમને નીચે મુજબના પરિણામો જોવા મળી શકે છે:

- **Request Initiated / Pending:** તમારી વિનંતી બેંકને મોકલી દેવામાં આવી છે અને અત્યારે બેંક તેની તપાસ કરી રહી છે. તમારે ૨-૩ દિવસ રાહ જોવાની જરૂર છે.
- **Request Accepted / Success:** અભિનંદન! તમારી આધાર સીડીંગની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તમારો આધાર તમારી બેંક સાથે સફળતાપૂર્વક લિંક થઈ ગયો છે.
- **Request Rejected:** તમારી વિનંતી નકારવામાં આવી છે.

  શું કરવું?: રિજેક્ટ થવાનું કારણ ત્યાં લખેલું હશે (દા.ત. 'Account Number Incorrect' **અથવા** 'Name Mismatch'). તમારે સાચી વિગતો સાથે ફરીથી વિનંતી કરવી પડશે અથવા તમારી બેંક શાખાનો સંપર્ક કરવો પડશે.

- **No Record Found:** તમે નાખેલો રેફરન્સ નંબર ખોટો હોઈ શકે છે અથવા વિનંતી યોગ્ય રીતે સબમિટ થઈ નથી. નંબર ફરીથી તપાસો.

